પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૬૬ | ૭ ડિસેમ્બર, ૨૦૧૮, શુક્રવાર; કારતક વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**રામ જેઠમલાણીએ કેસ પરત ખેંચ્યો**

વરિષ્ઠ વકીલ રામ જેઠમલાણીએ તેમને પાર્ટીમાંથી હાંકી કાઢવા બદલ ભાજપ વિરુધ્ધ કેસ દાખલ કર્યો હતો. રામ જેઠમલાણી અને ભાજપે સંયુકતરૂપે દિલ્હીની પટીયાલા હાઉસકોર્ટમાં લાંબા સમયથી દાખલ કેસને પરત ખેંચવા આવેદન આપ્યું છે.

**કાચા ખનીજતેલનું ઉત્પાદન ઘટશે**

કાચા ખનીજતેલના ઉત્પાદક દેશોના સંગઠન ઓપેકની બેઠક ઓસ્ટ્રિયાની રાજધાની વિયેનામાં શરૂ થઈ. બે દિવસ ચાલનારી આ બેઠકમાં કાચા તેલના ઉત્થ્પાદનમાં ઘટાડો કરવાનો નિર્ણય લેવામાં આવી શકે છે.

**હવે આઈટી રિટર્ન ફાઈલ કરવા ફક્ત સહી જ કરવાની રહેશે**

સરકારની નવી યોજના હેઠળ ઈનકમ ટેક્સ રિટર્ન ફાઈલ કરવા માટે હવે તમારે ફક્ત સહી કરવાની જરૂર પડશે. બાકી કામ ઈક્રમ ટેક્સ ડિપાર્ટમેન્ટ કરશે. આ જાણકારી પ્રત્યક્ષ કર બોર્ડ (CBDT)ના ચેરમેન સુશીલ ચંદ્રાએ આપી છે.

**પહલગામમાં ૬૮ ફૂટ ઉંચો ત્રિરંગો લહેરાવાયો**

દક્ષિણ કશ્મીરમાં આતંકીઓનાં ગઢમાં પહલગામમાં કેન્દ્રીય રિઝર્વ પોલીસ બળએ ૬૮ ફૂટની ઉંચાઈએ ત્રિરંગો અને ૬૩ ફૂટ ઉંચો સીઆરપીએફનો ઝંડો લહેરાવ્યો. સીઆરપીએફનાં મહાનિરીક્ષક જુલ્ફિકાર હસનનાં જણાવ્યાં અનુસાર, આ કશ્મીરમાં સૌથી ઉંચો ત્રિરંગો છે.

# વર્માને હટાવવાની ઉતાવળ કેમ હતી ? : સુપ્રીમ

**સીબીઆઈવિવાદ મામલે કેન્દ્ર સરકારને સુપ્રીમ કોર્ટે કરેલા વેધક પ્રશ્નો : વર્માની અરજી ઉપર ચુકાદો અનામત રહ્યો : બે ટોપ અધિકારી વચ્ચે લડાઈ રાતોરાત શરૂ થઇ ન હતી જેથી પસંદગી સમિતિની સલાહ કેમ નહીં લેવાઈ : સુપ્રીમ**



નવી દિલ્હી, તા. ૬

સીબીઆઈમાં અધિકારીઓના વિવાદ પર સુનાવણી કરતી વેળા સુપ્રીમ કોર્ટે મોદી સરકારને અનેક કઠોર પ્રશ્નો કર્યા હતા. સુપ્રીમ કોર્ટે સરકારને પ્રશ્ન કર્યો હતો કે, સબીઆઈ વિરુદ્ધ સીબીઆઈ વિવાદમાં બે ટોચના અધિકારીઓ વચ્ચેની લડાઈ ચાલી રહી હતી ત્યારે વહેલીતકે નોંધ લેવામાં કેમ આવી ન હતી. આ લડાઈ રાતોરાત શરૂ થઈ ન હતી. સુપ્રીમ કોર્ટે પ્રશ્ન કરતા કહ્યું હતું કે, આ એવો મામલો ન હતો જેમાં સરકારને પસંદગી કમિટિથી વાતચીત કર્યા વગર સીબીઆઈ નિર્દેશકની શક્તિઓને તરત જ ખતમ કરવાનો નિર્ણય લેવો પડે. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારના ચુકાદાની સામે આલોક વર્મા અને એનજીઓ કોમનકોઝની અપીલ ઉપર સુનાવણી પૂર્ણ કરી લીધી હતી અને ચુકાદો અનામત રાખ્યો હતો. આ પહેલા આજે સુનાવણી કરતી વેળા ચીફ જસ્ટિસ રંજન ગોગોઈના નેતૃત્વમાં બેંચે કહ્યું હતું કે, કેન્દ્ર સરકારે પોતે કબૂલાત કરી છે કે, આવી સ્થિતિ છેલ્લા ત્રણ મહિનાથી જન્મેલી હતી. બેંચે કહ્યું હતું કે, જો કેન્દ્ર સરકારે સીબીઆઈ ડિરેક્ટરના અધિકારો ઉપર અંકુશ મુકવાની જરૂર હતી તો તે પહેલા પસંદગી સમિતિની મંજુરી કેમ લેવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર

## ઈન્સ્ટાગ્રામ પર ૧.૫૫ કરોડ ફોલોઅર્સ સાથે વિશ્વમાં મોદી સૌથી લોકપ્રિય નેતા

**ઈન્સ્ટાગ્રામ પર પીએમ મોદીના કુલ ૧૫.૫ મિલિયન અને ટ્રમ્પના ૧૦.૯ મિલિયન ફોલઅર્સ : વડાપ્રધાનની ક્રિકેટ કેપ્ટન કોહલી અને અનુષ્કા શર્મા સાથેની તસવરોને મળી સૌથી વધુ લાઈક્સ**



ન્યુ દિલ્હી,તા.૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી વર્તમાનમાં ઈન્સ્ટાગ્રામ પર સમગ્ર દુનિયામાં સૌથી વધારે ફોલો કરવામાં આવતા નેતા બની ગયા છે. આ ફોટો શેરિંગ એપમાં પીએમ મોદીના કુલ ૧૫.૫ મિલિયન ફોલઅર્સ છે. નોંધનીય છે કે, આ લિસ્ટ ટિપ્લોમેસી દ્વારા જાહેર કરવામાં આવી છે. આ રિપોર્ટમાં ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ જોકો વિડોડો બીજા નંબરે છે. તેમના ૧૪ મિલિયન ફોલોઅર્સ છે. રિપોર્ટમાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ત્રીજા નંબરે છે. તેમના ૧૦.૯ મિલિયન ફોલોઅર્સ છે.

વર્ષ ૨૦૧૭માં ભારતીય ક્રિકેટ કેપ્ટન વિરાટ કોહલી અને બોલિવૂડ અભિનેત્રી અનુષ્કા શર્માના લગ્ન સમયે વડાપ્રધાન સાથેની મુલાકાતની તસવીરને સૌથી વધુ લાઈક અને કમેન્ટ્સ મળી છે. હાલ આ તસવીર પર ૧૮,૫૮,૮૩૮ લાઈક અને ૧૦.૭ હજાર કમેન્ટ્સ મળી છે. આ તસવીર ૨૦ ડિસેમ્બર ૨૦૧૭માં પોસ્ટ કરવામાં આવી હતી.

# સેંસેક્સમાં ૫૭૨ પોઈન્ટનો ઘટાડો

**વૈશ્વિક વેચવાલી, આઈટી અને ઓટો ઇન્ડેક્સમાં ઘટાડાની અસર : મારુતિ સુઝકી તેમજ તાતા મોટર્સના શેરમાં તીવ્ર ઘટાડો નોંધાયો : સ્મોલ કેપ અને મિડકેપ ઇન્ડેક્સમાં પણ ઘટાડો : નિફ્ટી ૧૮૨ પોઇન્ટ ઘટીને બંધ રહ્યો**

મુંબઈ,તા. ૬

શેરબજારમાં આજે મંદીનું મોજુ ફરી વળ્યું હતું. મંદી યથાવત રહેતા કારોબારીઓ ચિંતાતુર દેખાયા હતા. આજે સેંસેક્સ ૫૭૨ પોઈન્ટ ઘટીને ૩૫૩૧૨ની નીચી સપાટીએ રહ્યો હતો જ્યારે બ્રોડર નિફ્ટી ૧૮૨ પોઈન્ટ ઘટીને ૧૦૬૦૧ની નીચી સપાટીએ રહ્યો હતો. સેકટરલ ઈન્ડેક્સમાં નિફ્ટી બેંક ઈન્ડેક્સમાં ૧.૨ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. પંજાબ નેશનલ બેંક અનએ આઈડીએફસી બેંકના શેરમાં તીવ્ર ઘટાડો રહ્યો હતો. નિફ્ટી આઈટી ઈન્ડેક્સમાં ૨.૧ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. નિફ્ટી ઓટો ઈન્ડેક્સમાં ૨.૨ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. મારુતિ સુઝુકી અને તાતા મોટર્સના શેરમાં તીવ્ર ઘટાડો રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં મિડકેપ ઈન્ડેક્સમાં ૧.૫ ટકાનો ઘટાડો રહ્યો હતો જેથી તેની સપાટી ૧૪૬૮૪ રહી હતી જ્યારે એસએન્ડપી બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧.૩ ટકાનો ઘટાડો રહ્યો હતો જેથી તેની સપાટી ૧૪૧૪૩ રહી હતી.

રેપો અને રિવર્સ રેપોરેટ યથાવત રાખવામાં આવ્યા બાદ સેંસેક્સ ગઈકાલે બુધવારના દિવસે ૨૫૦ પોઈન્ટ ઘટીને ૩૫૮૮૪ની નીચી સપાટીએ રહ્યો હતો. બ્રોડર નિફ્ટી ઈન્ડેક્સ ૮૭ પોઈન્ટ ઘટીને ૧૦૭૮૩ની સપાટીએ રહ્યો હતો. અગાઉ કોર પરફોર્મન્સની મજબૂત સ્થિતિ વચ્ચે ૩૦મી જૂનના દિવસે પુરા થયેલા ૨૦૧૮-૧૯ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતનો વિકાસદર ૮.૨ ટકા દર્શાવવામાં આવ્યો હતો.

## શીખ વેશભૂષામાં મુસા હાલ પંજાબમાં છુપાયો : હાઈએલર્ટ

**પંજાબમાં ત્રાસવાદી હુમલા થવાનો ખતરો વધ્યો : ભટિંડા અને ફિરોઝપુર જિલ્લામાં સલામતી વ્યવસ્થા વધુ મજબૂત**

ચંદીગઢ, તા. ૬

કાશ્મીરી આતંકવાદી જાકીર મુસા પંજાબમાં છુપાયેલો હોવાની વિગતો સપાટી ઉપર આવ્યા બાદ હાઈએલર્ટની જાહેરાત કરવામાં આવી છે. શીખ



વેશભૂષામાં જાકીર મુસા પંજાબમાં છુપાયેલો છે અને તે ઘાતક ઈરાદા ધરાવે છે. પંજાબમાં હાલમાં જ ગ્રેનેડ હુમલો કરવામાં આવ્યો હતો જેનાથી ભારે ખળભાળાટ મચી ગયો હતો. અમૃતસરમાં નિરંકારી સત્સંગ ભવનમાં ગ્રેનેડ હુમલો કરવામાં આવ્યો હતો જેમાં ત્રણ લોકોના મોત થયા હતા અને ૧૫ લોકો ઘાયલ થયા હતા. પોલીસે આ મામલામના મુખ્ય આરોપીને પહેલાથી જ પકડી પાડ્યો છે. પોલીસે દાવો કર્યો છે કે, ઝડપાયેલા આરોપીના સંબંધ પાકિસ્તાનના કેટલાક લોકો અને ખાલિસ્તાન સમર્થકો સાથે છે. આવી સ્થિતિમાં મુસા પણ પંજાબમાં હોવાના અહેવાલથી સેના અને પોલીસ ખુબ સાવધાન થઈ ગઈ છે. પંજાબમાં ફરી એકવાર કોઈ આતંકવાદી ઘટનાને અંજામ આપવામાં આવે તેમ માનવામાં આવે છે.

ગુપ્તચર અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ભટિંડા અને ફિરોઝપુર જિલ્લામાં સુરક્ષા એજન્સીઓને હાઈએલર્ટ ઉપર રાખવામાં આવી છે. મુસા શીખ વેશભૂષામાં છુપાયેલો છે. તે અન્સાર ગજવત ઉલ હિંદ પ્રમુખ છે. એમ માનવામાં આવે છે કે, વૈશ્વિક આતંકવાદી સંગઠનની સાથે મુસા જોડાયેલો છે. સેનાના જવાનો, પોલીસ અને અર્ધલશ્કરી દળના જવાનો ભટિંડા રેલવે સ્ટેશન જેવા મહત્વપૂર્ણ રેલવે સ્ટેશનો અને ધાર્મિક સ્થળો ખાતે તૈનાત કરવામાં આવ્યા છે. આજે સવારે તપાસ વધુ તીવ્ર બનાવવામાં આવી હતી. બીજી બાજુ બંને જિલ્લામાં પ્રજાને સાવચેત રાખવા અને સુરક્ષા એજન્સીઓએ જુદીજુદી જગ્યાઓએ મુસાના પોસ્ટર મુકી દીધા છે જેમાં એકમાં તે શીખના વેષમાં છે. આ પહેલા નવેમ્બરમાં ગુરદાસપુર અને અમૃતસરમાં મુસા છુપાયેલો હોવાના અહેવાલ આવ્યા હતા.

# આજે રાજસ્થાન-તેલંગણામાં મતદાન

**તમામ મતદાન મથકો ઉપર પુરતી તૈયારી પહેલાથી જ કરી લેવાઈ : રાજસ્થાનમાં ૪.૭૫ કરોડ મતદારો ૨૨૭૪ અને તેલંગણામાં ૨.૮૦ કરોડ મતદારો ૧૮૨૧ ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા માટે સંપૂર્ણપણે તૈયાર**

હૈદરાબાદ,તા. ૬

રાજસ્થાન અને તેલંગાણામાં આવતીકાલે વિધાનસભાની ચૂંટણી માટે મતદાન યોજાનાર છે. બંને રાજ્યોમાં મતદાન કરવા માટે મતદારો ભારે ઉત્સાહિત દેખાઈ રહ્યા છે. હાઈવોલ્ટેજ અને હાઈ પ્રોફાઈલ વિધાનસભા ચૂંટણી માટે ઝંઝાવતી પ્રચાર રહ્યા બાદ હવે મતદાન થનાર છે. ક્યાં કોંણ બાજી મારશે અને કોની સરકાર બનશે તે અંગે હવે ૧૧મી ડિસેમ્બરના દિવસે જાણી શકાશે. એકબાજુ રાજસ્થાનમાં ૪.૭૫ કરોડ મતદારો ૨૨૭૪ ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા માટે તૈયાર છે. તમામ મતદાન કેન્દ્રો પર તમામ તૈયારી કરી લેવામાં આવી છે. જરૂરી પગલા પણ લેવામાં આવી ચુક્યા છે. છત્તિસગઢ, મિઝરમ, મધ્યપ્રદેશમાં મતદાનની પ્રક્રિયા પૂર્ણ થઇ ચુકી છે અને હવે રાજસ્થાન અને તેલંગણામાં મતદાન યોજનાર છે. બંને રાજ્યમાં પણ ઉંચા મતદાનની ખાતરી કરવા માટે ચૂંટણી પંચે તમામ તૈયારી કરી છે. કોઈ પણ પ્રકારના અનિચ્છનીય બનાવ ન બને તે માટે પણ પગલા લેવામાં આવ્યા છે.

છેલ્લા થોડાક દિવસમાં રાજસ્થાન અને તેલંગણમાં સેંકડો રેલીઓ યોજાઈ હતી અને રોડ શો યોજાયા હતા. જયપુરથી પ્રાપ્ત



અહેવાલ મુજબ અને ચૂંટણી અધિકારીઓના કહેવા મુજબ રાજ્યમાં ચૂંટણી મેદાનમાં ૨૨૭૪ ઉમેદવારો રહેલા છે જેમાં ૧૮૯ મહિલાઓનો સમાવેશ થાય છે. ૨૦૦ વિધાનસભા બેઠકપૈકી ૧૯૯ બેઠક માટે ૭મી મતદાન યોજાશે. રાજસ્થાનમાં કુલ ૫૧૬૮૭ મતદાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. રાજસ્થાનમાં કુલ ૪.૭૫ કરોડ મતદારો છે જે પૈકી ૨૨૭૧૫૩૯૬ મહિલા મતદારો છે. હાલમાં અલવર જિલ્લાના રામગઢ મતવિસ્તારમાં બહુજન સમાજ પાર્ટીના ઉમેદવારના અવસાનના કારણે ચૂંટણી મોકૂફ કરી દેવામાં આવી છે. બુધવારના દિવસે પ્રચારનો સાડા પાંચ વાગે અંત આવ્યો હતો. મતદાન સવારે ૮ વાગ્યાથી સાંજે પાંચ વાગ્યા સુધી ચાલનાર છે. રાજસ્થાનમાં મુખ્ય ચૂંટણી અધિકારી આનંદકુમારે કહ્યું છે કે, યોગ્ય સુરક્ષા વ્યવસ્થા રાજસ્થાનમાં ગોઠવી દેવામાં આવી છે. રાજ્યમાં ૪.૭૫ કરોડ નોંધાયેલા મતદારો છે. રાજસ્થાનમાં વિધાનસભાની ચૂંટણી માટે પ્રચાર હવે ચરમસીમા પર છે. પ્રચારના છેલ્લા દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જોરદાર રીતે સક્રિય રહ્યા હતા. રાજસ્થાનમાં ૨૦૦ વિધાનસભાની ચૂંટણી પૈકી ૧૯૯ પર હવે સાતમી ડિસેમ્બરના દિવસે મતદાન થનાર છે. બંને રાજ્યોમાં મતગણતરી ૧૧મી ડિસેમ્બરના દિવસે હાથ ધરવામાં આવનાર છે.

## સટ્ટાબજારમાં રાજસ્થાનમાં ભાજપની હવે બોલબાલા

**રાજસ્થાનના સટ્ટાબજારમાં જ નહીં બલ્કે કોલકત્તા તેમજ રાજકોટમાં પણ સટ્ટાબજારમાં હવે ભાજપને લાભ અપાયો**

જયપુર,તા. ૬

રાજસ્થાનમાં વિધાનસભાની ચૂંટણી માટે આવતીકાલે મતદાન યોજનાર છે ત્યારે હજુ સુધી કોંગ્રેસને ફેવરીટ ગણનાર સટ્ટાબજારમાં ફરી એકવાર સ્થિતી બદલાઈ રહી છે. રાજસ્થાનમાં કોણ કેટલી સીટો મેળવી જશે તેને લઈને ગણતરી વચ્ચે સટ્ટાબજારમાં હવે ભાજપને એડવાન્ટેજ આપવામાં આવ્યા છે. રાજ્યમાં મુખ્યપ્રધાન વસુન્ધરા રાજે સામે નારાજગી હોવાની વાત કરનાર સટ્ટા બજારમાં હવે પ્રવાહ બદલાઈ ગયો છે. હજુ સુધી કોંગ્રેસને ૧૨૫થી ૧૫૦ સીટો સટ્ટાબજારમાં આપવામાં આવી રહી હતી. હવે મતદાનના એક દિવસ પહેલા ચિત્ર બદલાઈ ગયુ છે. હવે માત્ર રાજસ્થાનના સટ્ટા બજારમાં જ નહીં બલ્કે કોલકત્તા અને રાજકોટના સટ્ટાબજારમાં પણ ભાજપને તક આપવામાં આવી રહી છે. રાજસ્થાનમાં રાજકીય પંડિતો માની રહ્યા છે કે દસ દિવસ પહેલા ભાજપની સ્થિતી નબળી હતી પરંતુ હવે તેમને લાગે છે કે ભાજપની ગેમમાં વાપસી થઈ રહી છે. હવે સ્થિતી સટ્ટા બજારમાં પણ બદલાઈ રહી છે. પહેલા કોંગ્રેસને ૧૨૫થી ૧૩૦ સીટ આપવામાં આવી રહી હતી. હવે ભાજપને ૬૫-૭૦ સીટો મળી રહી છે. સાથે સાથે કોંગ્રેસને ૧૦૫-૧૧૦ સીટો મળી રહી છે. પહેલા કોંગ્રેસને વધારે સીટ મળી રહી છે. મોદી ફરી એકવાર જાદુ જગાવશે કે કેમ તે અંગે તો મતગણતરીના દિવસે જ ચિત્ર સ્પષ્ટ થઈ શકશે. રાજસ્થાનમાં એક ચૂંટણી સભાને સંબોધતા વડાપ્રધાને આને લઈને કોંગ્રેસ ઉપર પ્રહાર કર્યા હતા. તમામ સટ્ટાબજારમાં સ્પર્ધા તીવ્ર દર્શાવાઈ રહી છે. હજુ સુધી કોંગ્રેસને એક તરફી જીત આપી રહેલા સટ્ટાબજારમાં ચૂંટણી પ્રચારનો અંત આવ્યા

● અનુસંધાન પાન-૭ પર

સસ્તાની લાલચમાં ભરમાશો નહી
કિંમત નહી-સગવડતા ચકાશો
સિંગાપોર-મલેશીયા ₹ 74,500/- જૂજ સીટો બાકી
સિંગાપોર-મલેશીયા થાઈલેન્ડ ₹ 99,999/-
Dec. 14 • Jan : 21 • Feb : 21
7600605542 • 7600697701
atlantaa

## બંગાળમાં ભાજપની રથયાત્રા પર હાઈકોર્ટે પ્રતિબંધ મુક્યો

કુચબિહાર, તા. ૬

પશ્ચિમ બંગાળમાં એકબાજુ ભાજપ દ્વારા સૂચિત રથયાત્રા ઉપર કોલકાતા હાઈકોર્ટે પ્રતિબંધ મુકી દીધો છે. બીજી બાજુ ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ દિલીપ ઘોષના કાફલા ઉપર વણઓળખાયેલા હુમલાખોરોએ હુમલો કરી દીધો છે. રથયાત્રાને લઈને હાઈકોર્ટે કડક વલણ અપનાવ્યું હતું. ભાજપના નેતાના કાફલા ઉપર આ હુમલો કુચબિહાર જિલ્લાના સીતાઈ ક્ષેત્રમાં કરાયો હતો. સીતાઈમાં ભાજપના વડા અમિત શાહ શુક્રવારના દિવસે રથયાત્રાની શરૂઆત કરનાર હતા. આ મામલામાં વધુ સુનાવણી ૯મી જાન્યુઆરીના દિવસે કરવામાં આવશે. ભાજપ ૭મી ડિસેમ્બરથી ઉત્તરમાં કુચબિહારથી અભિયાન શરૂ કરવાની તૈયારીમાં છે. ૯મી ડિસેમ્બરે દક્ષિણ ચોવીસ પરગના જિલ્લા અને ૧૪મી ડિસેમ્બરે વીરભૂમિ જિલ્લામાં તારાપીઠ મંદિરથી ભાજપ રથયાત્રા શરૂ કરવાનો કાર્યક્રમ ધરાવે છે. આ કાર્યક્રમના આયોજનથી પહેલા પશ્ચિમ બંગાળ ભાજપના અધ્યક્ષ દિલીપ ઘોષ એજ યાત્રા માટે સૂચિત માર્ગથી નિકળી રહ્યા હતા ત્યારે જ તેમના કાફલા ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. રાજ્યમાં રથયાત્રા કાઢવાની તૈયારીમાં રહેલા ભાજપને આજે ફટકો પડ્યો હતો.

## અંકુશરેખા પર બીજા દિવસે ગોળીબાર

**ગોળીબારમાં એક જવાન શહીદ : આતંકવાદીઓને ઘુસાડવાના હેતુસર ગોળીબાર : નિયંત્રણ રેખા પાસે વિસ્તારોમાં સેના દ્વારા હાઈએલર્ટ જાહેર કરાયું**

શ્રીનગર, તા. ૬

કાશ્મીર ખીણમાં સતત બીજા દિવસે પાકિસ્તાન તરફથી યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કરવામાં આવ્યો હતો. પાકિસ્તાની સેના દ્વારા ઉત્તરીય કાશ્મીરના કુંપવારા જિલ્લામાં સેનાની અગ્રિમ ચોકીઓ ઉપર ભારે ગોળીબાર કરવામાં આવ્યો હતો. આ ગોળીબારીમાં ભારતીય સેનાના એક જવાનનું મોત થયું હતું. આજે સાંજે યુદ્ધવિરામનો ભંગ કરીને પાકિસ્તાન તરફથી ગોળીબાર કરાયા હતા. ભારતીય સેનાએ સુરક્ષા વ્યવસ્થા વધારે મજબૂત કરી હતી. સેનાએ હાઈએલર્ટની જાહેરાત પણ કરી લીધી છે. પાકિસ્તાન દ્વારા આજે સાંજે કુંપવારાના માછીલ સેક્ટરમાં ભારે ગોળીબાર કરવામાં આવ્યો હતો.

જે વિસ્તારમાં પાકિસ્તાને યુદ્ધવિરામનો ભંગ કર્યો છે ત્યાંથી અગાઉ અનેક વખત ત્રાસવાદીઓ ઘુસણખોરી કરતા રહ્યા છે. આવી સ્થિતિમાં ગોળીબારના ભાગરુપે આતંકવાદીઓને ઘુસાડવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. સેનાએ હવે એલઓસી પર હાઈએલર્ટની જાહેરાત કરી દીધી છે. બીજી બાજુ પાકિસ્તાનની સેના દ્વારા ગોળીબાર કરવામાં આવ્યા બાદ સેનાએ જવાબી કાર્યવાહી કરી હતી.

REQUIRED ACCOUNTANT
Commerce Graduate with knowledge of Tally, GST, TDS
Contact
94265 34902

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય